रजिस्ट्री संख्या जी/जीएनआर/२ REGISTERED NO. G/GNR/2
રજિસ્ટર નંબર જી/જીએનઆર/૨

भारत का राजपत्र
The Gazette of India
ભારતનું રાજપત્ર

असाधारण
EXTRAORDINARY
અસાધારણ

भाग–8 खण्ड–1
PART VIII Section 1
ભાગ ૮ વિભાગ-૧

प्राधिकारसे प्रकाशित
PUBLISHED BY AUTHORITY
પ્રાધિકારથી પ્રકાશિત

नं.–1] नई दिल्ली, मंगलवार 29 मार्च, 1988 १२ चैत्र, 1910, (शक) [खंड-5
No.-1] NEWDELHI, TUESDAY 29 MARCH, 1988/12, CHAITRA, 1910 (SAKA) [VOL-5
અંક–૧] નવી દિલ્હી, મંગળવાર, ૨૯ માર્ચ, ૧૯૮૮/૧૨, ચૈત્ર, ૧૯૧૦(શક) [વોલ્યુમ-૫

इस भागमें भिन्न पृष्ठ संख्या दी जाती है, जिसकी यह अलग संकलन के रुप में रखा जा शके।
Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.
આ ભાગને અલગ પાના નંબર આપેલ છે, જેથી તે અલગ સંગ્રહ તરીકે ફાઈલ કરી શકાશે.

विधि और न्याय मंत्रालय

(विधायी विभाग)

नई दिल्ली, 29 मार्च, 1988/12, चैत्र, 1910 (शक)

(1) दि इन्डियन ट्रस्ट एकट, 1882 (सन 1882 का 2) (2) दि सिड्झ एकट, 1966 (सन 1966 का 54) और (3) दि पेमेन्ट ओफ ग्रेच्युइटी एकट, 1972 (सन 1972 का 39) के निम्नलिखित गुजराती अनुवाद राष्ट्रपतिके प्राधिकार से प्रकाशित किये जाते है और प्राधिकृत अनुवाद (केन्द्रीय विधि) अधिनियम, 1973 (सन 1973 का 50) की धारा 2के खंड (क) के अधीन ये गुजराती भाषा में उनके प्राधिकृत अनुवाद समझे जाऐंगे ।

(Price : Rs. 5-00)

અસા.ભાગ-૮-ગેઝેટ-૩૯૯-૧

MINISTRY OF LAW AND JUSTICE

(LEGISLATIVE DEPARTMENT)

NEW DELHI, DATED, 29th MARCH, 1988/12, Chaitra, 1910 (SAKA)

The Translations in Gujarati of the following Acts, namely :—

(1) The Indian Trust Act, 1882 (2 of 1882), (2) The seeds Act, 1966 (54 of 1966) and (3) The Payment of Gratuity Act, 1972 (39 of 1972) are hereby published under the Authority of the President and shall be deemed to be the authorised tranlation thereof in Gujarati under clause a of Section 2 of the Authorised Translations (Central Laws) Act, 1973 (50 of 1973).

વિધિ અને ન્યાય મંત્રાલય

(વિધાર્થી વિભાગ)

નવી દિલ્હી, ૨૯મી માર્ચ, ૧૯૮૮/૧૨ ચૈત્ર, ૧૯૧૦ (શક)

નીચેના અધિનિયમોનું, એટલે કે (૧) ધી ઈન્ડિયન ટસ્ટ એકટ, ૧૮૮૨ (સન ૧૮૮૨નો ૨જો), (૨) ધી સિડ્ઝ એકટ, ૧૯૬૬ (સન ૧૯૬૬નો ૫૪મો) અને(૩) ધી પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એકટ, ૧૯૭૨ (સન ૧૯૭૨નો ૩૯મો)નું નીચેનું ગુજરાતી ભાષાંતર, આથી, રાષ્ટ્રપતિના પ્રાધિકાર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને અધિકૃત ભાષાંતરો (કેન્દ્રીય કાયદા) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ૫૦મા)ની કલમ ૨ના ખંડ (ક) હેઠળ તે, તેનું અધિકૃત ગુજરાતી ભાષાંતર છે એમ ગણાશે.—

સૂચિ

INDEX

અધિનિયમનું નામ Name of the Act	પૃષ્ઠાંક Page No.
૧. ભારત ટ્રસ્ટ અધિનિયમ-૧૮૮૨ (સન ૧૮૮૨નો ૨જો)	
1. The Indian Trust Act, 1882 (2 of 1882).	3
૨. બિયારણ અધિનિયમ, ૧૯૬૬ (સન ૧૯૬૬નો ૫૪મો)	
2. The Seeds Act, 1966 (54 of 1966).	33
૩. ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨નો ૩૯મો).	
3. The Payment of Gratuity Act, 1972 (39 of 1972).	43

ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨

અનુક્રમણિકા

કલમ

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, લાગુ પડવા બાબત અને આરંભ

૨. વ્યાખ્યા

૨ક. સળંગ નોકરી

૩. નિયંત્રક અધિકારી

૪. ગ્રેચ્યુઈટીની ચુકવણી

૫. મુકિત આપવાની સત્તા

૬. નિયુકિત

૭. ગ્રેચ્યુઈટીની રકમ નકકી કરવા બાબત

૭ક. ઈન્સ્પેકટરો

૭ખ. ઈન્સ્પેકટરની સત્તાઓ

૮. ગ્રેચ્યુઈટીની વસૂલાત

૯. શિક્ષા

૧૦. માલિકને કેટલાક કેસોમ જવાબદારીમાંથી મુકત કરવા બાબત

૧૧. ગુના વિચારણામાં લેવા બાબત

૧૨. શુધ્ધબુધ્ધિથી લીધેલ પગલાં અંગે રક્ષણ

૧૩. ગ્રેચ્યુઈટી અંગે રક્ષણ

૧૪. બીજા અધિનિયમો, વગેરે ઉપર આ અધિનિયમની સર્વોપરિતા

૧૫. નિયમો કરવાની સત્તા

ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨

(સન ૧૯૭૨નો અધિનિયમ ક્રમાંક ૩૯)

[૨૧મી ઓગસ્ટ ૧૯૭૨]

[સન ૧૯૮૫ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અમલમાં હોય તે પ્રમાણે]

કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદરો, રેલવે, કંપનીઓ, દુકાનો કે બીજી સંસ્થાઓમાં રોકાયેલા કામદારોને ગ્રેચ્યુઈટી ચૂકવવાની યોજના કરવા માટે અને તેને લગતી કે આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

ભારતના ગણરાજ્યના ત્રેવીસમા વર્ષમાં સંસદ નીચે પ્રમાણે અધિનિયમ કરે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, લાગુ પડવા બાબત અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨" કહેવાશે.

(૨) તે સમગ્ર ભારતને લાગુ પડે છે :

પરંતુ પ્લાન્ટેશન કે બંદરોને લગતો હોય તેટલા પૂરતો, તે જમ્મુ અને કાશ્મીર રાજ્યને લાગુ પડશે નહિ.

(૩) તે નીચેનાને લાગુ પડશે :—

(ક) દરેક કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર અને રેલવે કંપનીને;

(ખ) જેમાં દસ કે તેથી વધુ વ્યકિતઓને નોકરીએ રાખવામાં આવે અથવા ગત બાર મહિનાના કોઈપણ દિવસે નોકરીએ રાખેલ હોય તેવી, રાજ્યમાંની દુકાનો અને સંસ્થાઓને લગતા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાના અર્થ મુજબની દરેક દુકાન કે સંસ્થાને;

(ગ) જેમાં દસ કે તેથી વધુ કામદારોને નોકરીએ રાખવામાં આવે અથવા ગત બાર મહિનાના કોઈપણ દિવસે નોકરીએ રાખેલ હોય તેવી, આ અર્થે કેન્દ્ર સરકાર, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે બીજી સંસ્થાઓ કે એવા વર્ગની સંસ્થાઓને.

(૩ક) જે દુકાન અથવા સંસ્થાને આ અધિનિયમ લાગુ પડવાજોગ હોય તે દુકાન અથવા સંસ્થાને, તે કાયદો તેવી રીતે લાગુ પડવાજોગ થાય તે પછી કોઈપણ સમયે તેમાં કામે રાખેલી વ્યકિતઓની સંખ્યા દસ કરતાં ઓછી થાય તે છતાં, આ અધિનિયમ લાગુ પડવાનું ચાલુ રહેશે.

(૪) આ અધિનિયમ, કેન્દ્ર સરકાર, જાહેરનામાથી નકકી કરે તે તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "સમુચિત સરકાર" એટલે—

(૧) (ક) કેન્દ્ર સરકારની માલિકીની કે તેના નિયંત્રણ હેઠળની સંસ્થા;

(ખ) એક કરતાં વધુ રાજ્યોમાં શાખાઓ રાખનાર સંસ્થા ;

(ગ) કેન્દ્ર સરકારની માલિકીનું કે તેના નિયંત્રણ હેઠળનું કારખાનું;

(ઘ) મોટું બંદર, ખાણ, તેલક્ષેત્ર કે રેલવે કંપનીના સંબંધમાં, કેન્દ્ર સરકાર.

(૨) (ક) બીજી કોઈ બાબતમાં, રાજ્ય સરકાર ;

(ખ) "નોકરીનું પૂરું થયેલ વર્ષ" એટલે એક વર્ષની સળંગ નોકરી;

(ગ) "સળંગ નોકરી" એટલે કલમ ૨ ક માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની સળંગ નોકરી;

(ઘ) "નિયંત્રક અધિકારી" એટલે કલમ ૩ હેઠળ સમુચિત સરકારે નીમેલ અધિકારી;

(ચ) "કામદાર" એટલે કૌશલવાળું, અર્ધ કૌશલવાળું કે કૌશલ વિનાનું, શારીરિક, દેખરેખનું, ટેકનિકલ કે કારકુની કામ કરવા માટે, કોઈ સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની કે

દુકાનમાં માસિક એક હજાર અને છસો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા વેતનથી, નોકરીની સ્પષ્ટ કે ગર્ભિત શરતોએ કામે રખાયેલ (એપ્રેન્ટીસ સિવાયની) કોઈપણ વ્યકિત અને એવી વ્યકિતને વ્યવસ્થાપકીય કે વહીવટી હેસિયતથી નોકરીએ રખાયેલ હોય કે ન હોય તો પણ હરકત નથી, પરંતુ તેમાં, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળની જગા ધરાવતી હોય અને જેને ગ્રેચ્યુઈટી ચુકવણી માટે જોગવાઈ કરતાં અન્ય કોઈ અધિનિયમ અથવા નિયમો લાગુ પડતા હોય તેવી કોઈ વ્યકિતનો સમાવેશ થતો નથી.

સ્પષ્ટીકરણ:—માસિક એક હજાર અને છસો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા વેતનથી ઓછામાં ઓછી પાંચ વર્ષની મુદત સુધી નોકરીએ રખાયા બાદ ગમે તે વખતે માસિક એક હજાર અને છસો રૂપિયા કરતાં વધુ વેતનથી નોકરીમાં રખાયેલ કામદારની બાબતમાં, માસિક એક હજાર અને છસો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા વેતનથી જે મુદત દરમિયાન તે કામદારને નોકરીએ રખાયેલ હોય તે મુદતના સંબંધમાં તે મુદત દરમિયાન તેણે મેળવેલ વેતનના ધોરણે, ગ્રેચ્યુઈટી નકકી કરવામાં આવશે.

(છ) કોઈપણ સંસ્થા, કારખાનું, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની કે દુકાનના સંબંધમાં "માલિક" એટલે—

(૧) જો તે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની માલિકીની અથવા તેના નિયંત્રણ હેઠળની હોય તો, કામદારોનાં દેખરેખ અને નિયંત્રણ માટે સમુચિત સરકારે નીમેલ વ્યકિત કે અધિકારી અથવા કોઈ વ્યકિત કે અધિકારીને એવી રીતે નીમવામાં આવેલ ન હોય, ત્યારે, સંબંધિત મંત્રાલય કે વિભાગના વડા,

(૨) જો તે કોઈપણ સ્થાનિક સત્તામંડળની માલિકીની કે તેના નિયંત્રણ હેઠળની હોય તો, કામદારોનાં દેખરેખ અને નિયંત્રણ માટે તે સત્તામંડળે નીમેલ વ્યકિત અથવા કોઈ વ્યકિત એવી રીતે નીમવામાં આવેલ ન હોય ત્યારે, તે સ્થાનિક સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારી,

(૩) બીજા કોઈ કિસ્સામાં, તેવા સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની અથવા દુકાનના કામકાજ ઉપર છેવટનું નિયંત્રણ ધરાવનાર વ્યકિત કે અધિકારી અને સદરહુ કામકાજ મેનેજર, મેનેજીંગ ડિરેકટર કે બીજું કોઈ નામ ધરાવનાર અન્ય કોઈ વ્યકિતને સોંપવામાં આવેલ હોય ત્યારે, તે વ્યકિત.

(જ) "કારખાનું" એ શબ્દનો કારખાના અધિનિયમ, ૧૯૪૮ ની કલમ ૨ના ખંડ (ત)માં જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થાય છે; **સન ૧૯૪૮નો ૬૩મો.**

(ઝ) કામદારના સંબંધમાં "કુટુંબ" નીચેનાનું બનેલું ગણાશે :—

(૧) પુરૂષ કામદારની બાબતમાં, પોતે, પોતાની પત્ની, પોતાનાં પરણેલાં કે કુંવારાં સંતાન, પોતાનાં આશ્રિત માબાપ અને અગાઉ મૃત્યુ પામેલા પોતાના પુત્રની હોય તે વિધવા અને સંતાન;

(૨) સ્ત્રી કામદારની બાબતમાં, પોતે, પોતાનો પતિ, પોતાનાં પરણેલાં કે કુંવારાં સંતાન, પોતાનાં આશ્રિત માબાપ અને પોતાના પતિનાં આશ્રિત માબાપ અને અગાઉ મૃત્યુ પામેલા પોતાના પુત્રની હોય તે વિધવા અને સંતાન:

પરંતુ કોઈ સ્ત્રી કામદાર, નિયંત્રક અધિકારીને લેખિત નોટિસ આપીને, પોતાના કુટુંબમાં પોતાના પતિને ન ગણવાની ઈચ્છા દર્શાવે તો, તે સ્ત્રી કામદાર સદરહુ નોટિસ પાછળથી પાછી ખેંચી લે તે સિવાય, ત્યારબાદ આ અધિનિયમના હેતુઓ માટે તેના પતિ અને તેના આશ્રિત માબાપનો, તે સ્ત્રી કામદારના કુટુંબમાં સમાવેશ થતો હોવાનું ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ:—કોઈ કામદારના અંગત કાયદાથી સંતાનને દત્તક લેવાની છૂટ હોય ત્યારે, કાયદેસર રીતે તેણે દત્તક લીધેલ કોઈપણ સંતાનનો તેના કુટુંબમાં સમાવેશ થયેલ હોવાનું ગણાશે અને કોઈ કામદારના સંતાનને અન્ય કોઈ વ્યકિતએ દત્તક લીધેલ હોય અને એ પ્રમાણે દત્તક લેવાનું દત્તક લેનારના અંગત કાયદા હેઠળ કાયદેસર હોય ત્યારે, તે સંતાન તે કામદારના કુટુંબનું ગણાશે નહિ.

(ટ) "મોટું બંદર"નો 'ભારત બંદર અધિનિયમ, ૧૯૦૮'ની કલમ ૩ના ખંડ (૮)માં જે અર્થ આપ્યો છે તે જ થાય છે; **સન ૧૯૦૮નો ૧૫મો.**

(ઠ) "ખાણ"નો 'ખાણ અધિનિયમ, ૧૯૫૨'ની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ઠ)માં જે અર્થ આપ્યો છે તે જ થાય છે; **સન ૧૯૫૨નો ૩૫મો.**

(ડ) "જાહેરનામું" એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ જાહેરનામું;

સન ૧૯૪૮નો ૫૨મો.

(ઢ) "તેલક્ષેત્ર"નો 'તેલક્ષેત્ર (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૧૯૪૮'ની કલમ ૩ના ખંડ (ચ)માં જે અર્થ આપ્યો છે તે જ થાય છે.

સન ૧૯૫૧નો ૬૯મો.

(ત) "પ્લાન્ટેશન"નો 'પ્લાન્ટેશન મજૂર અધિનિયમ, ૧૯૫૧'ની કલમ ૨ના ખંડ (છ)માં જે અર્થ આપ્યો છે તે જ થાય છે.

સન ૧૯૦૮નો ૧૫મો

(થ) "બંદર"નો 'ભારત બંદર અધિનિયમ, ૧૯૦૮'ની કલમ ૩ના ખંડ (૪)માં જે અર્થ આપ્યો છે તે જ થાય છે.

(દ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ થયેલા નિયમોથી ઠરાવેલું.

સન ૧૮૯૦નો ૯મો.

(ધ) "રેલવે કંપની"નો 'ભારત રેલવે અધિનિયમ, ૧૮૯૦'ની કલમ ૩ના ખંડ (૫)માં જે અર્થ આપ્યો તે જ થાય છે;

(ન) "નિવૃત્તિ" એટલે નિવૃત્તિ વયે હોય તે સિવાય, કામદારની નોકરીની સમાપ્તિ.

(૫) કોઈ કામદારના સંબંધમાં "વયનિવૃત્તિ"એટલે નોકરીના કરાર કે શરતોમાં જે વય પ્રાપ્ત થયે કામદારે નોકરી છોડવાનું નક્કી કરવામાં આવેલ હોય તે વય કામદારે પ્રાપ્ત કરવી તે;

(ફ) "વેતન" એટલે કામદાર પોતાની નોકરીની શરતો અનુસાર ફરજ ઉપર કે રજા ઉપર હોય તે દરમિયાન તેણે કમાયેલ અને તેને રોકડું ચૂકવાયેલ કે ચૂકવવાપાત્ર હોય તેવું તમામ મળતર અને તેમાં મોંઘવારી ભથ્થાંનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં બોનસ, કમિશન, ઘર--ભાડા--ભથ્થું, ઓવર ટાઈમ વેતન અને બીજા કોઈપણ ભથ્થાંનો સમાવેશ થતો નથી.

સળંગ નોકરી

૨ક. આ અધિનિયમના હેતુઓ સારૂ,—

(૧) કોઈ કામદાર જો તે માંદગી, અકસ્માત, રજા, (જેના સંબંધમાં, શિક્ષા કે દંડ કરતો અથવા ગેરહાજરીને નોકરીમાં તૂટ ગણતો હુકમ, સંસ્થાના કામદારોને લાગુ પડતા સ્થાયી હુકમો, નિયમો અથવા વિનિયમો અનુસાર કર્યો હોય તેના સંબંધમાં તેવી ગેરહાજરી ન હોય તેવી) રજા વગરની ફરજ ઉપરથી ગેરહાજરી, લે-ઓફ, હડતાલ અથવા કામદારોની કસૂરને લીધે ન હોય તેવી તાળાબંધી કે કામબંધીને લીધે ખંડિત હોય તેવી નોકરી સહિત તે મુદત માટે અખંડિત નોકરીમાં હોય તો તેટલી મુદત માટે તે સળંગ નોકરીમાં છે એમ ગણાશે. પછી ભલે એવી અખંડિત અથવા ખંડિત નોકરી આ અધિનિયમના આરંભ પહેલાં કે પછી કરવામાં આવી હોય;

(૨) (મોસમી સંસ્થામાં નોકરીએ રાખેલા કામદાર ન હોય તેવા) કોઈ કામદાર ખંડ (૧)ના અર્થ મુજબ એક વર્ષ અથવા છ મહિનાની કોઈ મુદત સુધી સળંગ નોકરીમાં ન હોય ત્યારે, તે—

(ક) જો તે કામદારે, જેના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ અગાઉના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન—

(૧) ખાણમાં જમીનની નીચે અથવા અઠવાડિયામાં છ કરતાં ઓછા હોય તેટલા દિવસો સુધી કામ કરતી સંસ્થામાં કામે રાખેલા કામદારના કિસ્સામાં એકસો નેવું દિવસ; અને

(૨) અન્ય કોઈ કિસ્સામાં બસો ચાલીસ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ સુધી;

માલિકના હાથ નીચે ખરેખર કામ કર્યું હોય તો એક વર્ષની સદરહુ મુદત માટે—

(ખ) જો તે કામદારે, જેના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ અગાઉના છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન—

(૧) ખાણમાં જમીનની નીચે અથવા અઠવાડિયામાં છ કરતાં ઓછા હોય તેટલા દિવસ સુધી કામ કરતી સંસ્થામાં કામે રાખેલા કામદારના કિસ્સામાં પંચાણું દિવસ; અને

(૨) અન્ય કોઈ કિસ્સામાં એકસો વીસ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ સુધી;

માલિકના હાથ નીચે ખરેખર કામ કર્યું હોય તો છ મહિનાની સદરહુ મુદત માટે—

તે કામદાર, માલિક હેઠળની સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

(૩) કોઈ મોસમી સંસ્થામાં કામે રાખેલો કોઈ કામદાર એક વર્ષ અથવા છ મહિનાની કોઈ મુદત સુધી ખંડ(૧) ના અર્થ મુજબ સળંગ નોકરીમાં ન હોય ત્યારે, જે દિવસોએ એવી મુદત દરમિયાન એ સંસ્થા કામ કરતી હતી

તે દિવસોની સંખ્યાના પંચોતેર ટકા કરતાં ઓછા ન હોય તેટલા દિવસો માટે જો તેણે ખરેખર કામ કર્યું હોય તો, તે માલિક હેઠળની સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

નિયંત્રક અધિકારી.

૩. સમુચિત સરકાર, જાહેરનામાથી, કોઈ અધિકારીને, નિયંત્રક અધિકારી તરીકે નીમી શકશે અને તે આ અધિનિયમના અમલ માટે જવાબદાર રહેશે. અને જુદા જુદા વિસ્તારો માટે જદા જુદા નિયંત્રણ અધિકારીઓ નીમી શકશે.

ગ્રેચ્યુઈટીની ચુકવણી.

૪. (૧) કામદારે ઓછામાં ઓછી પાંચ વર્ષની સળંગ નોકરી કર્યા પછી, તેને નીચેના વખતે ગ્રેચ્યુઈટી ચૂકવવાની થશે:—

(ક) તેની વય નિવૃત્તિ વખતે, અથવા

(ખ) તેની નિવૃત્તિ કે રાજીનામા વખતે, અથવા

(ગ) તેના મૃત્યુ વખતે અથવા અકસ્માત કે રોગને લીધે તે અશકત થતી વખતે:

પરંતુ કોઈ કામદારની નોકરીની સમાપ્તિ તેના મૃત્યુ કે અશકત થવાને લીધે થઈ હોય ત્યારે પાંચ વર્ષની સળંગ નોકરી પૂરી થયેલ હોવાનું જરૂરી રહેશે નહિ:

વધુમાં, કામદારનું મૃત્યુ થાય ત્યારે, તેને ચૂકવવાની થતી ગ્રેચ્યુઈટી યથાપ્રસંગ, તેણે નિયુકત કરેલ વ્યકિતને અથવા એવી નિયુકત વ્યકિતના વાલીને ચૂકવવામાં આવશે અથવા એવીરીતે કોઈ વ્યકિત નિયુકત કરવામાં આવેલી ન હોય તો તેના વારસોને ચૂકવવામાં આવશે.

સ્પષ્ટીકરણ:— આ કલમના હેતુઓ માટે, અશકત થઈ જવું એટલે જેને પરિણામે કામદાર અશકત થયેલ હોય તે અકસ્માત કે રોગ થતાં પહેલાં જે કામ કરી શકતો હોય તે કામ કરવા માટે અશકત થઈ જવું.

(૨) છ મહિના ઉપરાંતની નોકરીના દરેક પૂરા વર્ષ કે તેના ભાગ માટે, માલિકે, કોઈપણ કામદારને તેણે છેલ્લા લીધેલા વેતનના દર પ્રમાણેના પંદર દિવસના વેતનના દરે ગ્રેચ્યુઈટી ચૂકવવી જોઈશે:

પરંતુ છૂટક કામદારની બાબતમાં, કામદારની નોકરીની સમાપ્તિની તરત પહેલાંની ત્રણ મહિનાની મુદત માટે તેણે મેળવેલ કુલ વેતનની સરેરાશના ધોરણે દૈનિક વેતનની ગણતરી કરવામાં આવશે, અને આ હેતુ માટે, ઓવર–ટાઈમ કામ કરવા બદલ ચૂકવવામાં આવેલ વેતન ગણતરીમાં લેવામાં આવશે નહિ:

વધુમાં, મોસમી સંસ્થામાં નોકરીએ રખાયેલ અને સમગ્ર વર્ષ દરમ્યાન તેવી રીતે નોકરીએ નહી રખાયેલ કામદારની બાબતમાં, માલિકે, મોસમ દીઠ સાત દિવસના વેતનના દરે ગ્રેચ્યુઈટી ચૂકવવી જોઈશે.

(૩) કામદારને ચૂકવવાપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ વીસ મહિનાના વેતન કરતાં વધવી જોઈશે નહિ.

(૪) તે અશકત થયા પછી ઘટાડેલા વેતનથી નોકરીએ રખાયેલ કામદારને ચૂકવવાપાત્ર ગ્રેચ્યુઈટીની ગણતરી કરવાના હેતુ માટે, તે અશકત થતાં પહેલાંની મુદત માટેનું તેનું વેતન, તે મુદત દરમિયાન તેણે મેળવેલ વેતન જેટલું ગણવામાં આવશે અને તે અશકત થયા પછીની મુદત માટેનું તેનું વેતન, એવી રીતે ઘટાડેલા વેતન જેટલુ ગણવામાં આવશે.

(૫) માલિક સાથેના કોઈપણ ચૂકાદા કે સમજૂતી કે કરાર હેઠળ, ગ્રેચ્યુઈટી વધુ સારા ધોરણે મેળવવા માટેના કામદારના હકને આ કલમમાંના કોઈપણ મજકૂરથી અસર થશે નહિ.

(૬) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં—

(ક) જેની નોકરી, એવા કોઈપણ કૃત્ય કરવા માટે, જાણીબુજ્જીને ન કરવા માટે અથવા કોઈપણ બેદરકારી દાખવવા માટે સમાપ્ત કરવામાં આવેલી હોય કે જેનાથી માલિકની મિલકતને નુકસાન કે ખાધ પહોંચેલ હોય અથવા તે નાશ પામેલ હોય તે કામદાર, એવી રીતે થયેલા નુકસાન કે ખાધની રકમ પૂરતી ગ્રેચ્યુઈટી ગુમાવશે;

(ખ) કામદારને ચૂકવવાપાત્ર સમગ્ર અથવા અંશત: ગ્રેચ્યુઈટી તે નીચેના કિસ્સાઓમાં ગુમાવશે:—

(૧) કામદારે કરેલ હુલ્લડ કે ગેરવર્તન બદલ અથવા તેણે કરેલ બીજા કોઈ હિંસક કૃત્ય બદલ તેની નોકરી સમાપ્ત કરવામાં આવી હોય તો, અથવા

(૨) પોતાની નોકરીના કાર્યક્ષેત્રમાં કામદારે કરેલ જે કોઈપણ કૃત્ય, નૈતિક અધ:પતનનો ગુનો હોય અને તે બદલ તેની નોકરી સમાપ્ત કરવામાં આવી હોય તો.

(૭) શંકાના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે કલમ ૨ના ખંડ (ચ)ના સ્પષ્ટીકરણની જોગવાઈઓ અનુસાર નક્કી કરેલ ગ્રેચ્યુઈટી તે ખંડમાં ઉલ્લેખેલ કામદારને પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ(ખ) અથવા ખંડ (ગ)માં નિર્દિષ્ટ કરેલી રીતે તેની નોકરીની સમાપ્તિની તરતજ પહેલાં અથવા કોઈપણ સમયે તેને—

સન ૧૯૮૪ નો ૨૫મો.

(૧) તેની નોકરી 'ગ્રેચ્યુઈટી ચુકવણી (સુધારા) અધિનિયમ, ૧૯૮૪'ના આરંભ પહેલાં એવી રીતે સમાપ્ત થતી હોય તે પ્રસંગે દરમહિને એક હજાર રૂપિયા કરતાં વધુ વેતન મળતું હોય, અને

(૨) તેની નોકરી આવા આરંભ પછી સમાપ્ત થતી હોય તે પ્રસંગે, દર મહિને એક હજાર અને છસો રૂપિયા કરતાં વધુ વેતન મળતું હોય,

તે છતાં, ચૂકવવામાં આવશે.

મુક્તિ આપવાની સત્તા.

૫. (૧) જેને આ અધિનિયમ લાગુ પડતો હોય તેવી કોઈ સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની કે દુકાનમાંના કામદારોને તે સમુચિત સરકારના અભિપ્રાય મુજબ આ અધિનિયમ હેઠળ મળેલ લાભ કરતાં ઓછા ન હોય તેવી ગ્રેચ્યુઈટી કે પેન્શન અંગેના લાભ મળતા હોય તો તે સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની કે દુકાનને, સમુચિત સરકાર, જાહેરનામાથી અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોએ આ અધિનિયમની જોગવાઈઓના અમલમાંથી મુક્તિ આપી શકશે.

(૨) સમુચિત સરકાર, જાહેરનામાથી અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, જેને આ અધિનિયમ લાગુ પડતો હોય તેવી કોઈ સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની કે દુકાનમાં નોકરીએ રાખેલા કોઈ કામદાર અથવા કામદારોના વર્ગને, જો સમુચિત સરકારના અભિપ્રાય પ્રમાણે આ અધિનિયમ હેઠળ મળેલા લાભ કરતાં ઓછા અનુકૂળ ન હોય તેવા ગ્રેચ્યુઈટી અથવા પેન્શનના લાભો મળતા હોય તો, તેવા કામદાર અથવા કામદારોના વર્ગને આ અધિનિયમની જોગવાઈઓના અમલમાંથી મુક્તિ આપી શકશે.

નિયુક્તિ.

૬. (૧) જેણે નોકરીનું એક વર્ષ પૂરું કરેલ હોય તેવા દરેક કામદારે, ઠરાવવામાં આવે તેવા સમયમાં, તેવા નમૂનામાં અને તેવી રીતે, કલમ ૪ની પેટા-કલમ (૧)ના બીજા પરંતુકના હેતુ માટે નિયુક્તિ કરવી જોઈશે.

(૨) કામદાર, પોતાની નિયુક્તિમાં, આ અધિનિયમ હેઠળ તેને મળવાપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ, એક કરતાં વધુ નિયુક્ત કરાયેલ વ્યકિતઓ વચ્ચે ફાળવી શકશે.

(૩) નિયુક્તિ કરતી વખતે કામદારને કુટુંબ હોય તો, નિયુક્તિ, પોતાના કુટુંબના એક કે તેથી વધુ સભ્યોની તરફેણમાં કરવી જોઈશે અને પોતાના કુટુંબનો સભ્ય ન હોય તે વ્યકિતની તરફેણમાં એવા કામદારે કરેલ કોઈપણ નિયુક્તિ ફોક થશે.

(૪) નિયુક્તિ કરતી વખતે કામદારને કોઈ કુટુંબ ન હોય તો, નિયુક્તિ કોઈપણ વ્યકિત કે વ્યકિતઓની તરફેણમાં કરી શકાશે, પરંતુ પાછળથી કામદારને કુટુંબ થાય તો તે નિયુક્તિ તરત જ ગેરકાયદેસર બનશે અને ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર કામદારે, કુટુંબના એક કે તેથી વધુ સભ્યોની તરફેણમાં નવી નિયુક્તિ કરવી જોઈશે.

(૫) પેટા-કલમો (૩) અને (૪) ની જોગવાઈઓને અધીન રહીને, કામદાર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને એવી રીતે, નિયુક્તિમાં ફેરફાર કરવાના પોતાના ઈરાદાની પોતાના માલિકને લેખિત નોટિસ આપ્યા પછી કોઈપણ વખતે તેમાં ફેરફાર કરી શકશે.

(૬) નિયુક્ત થયેલ વ્યકિત, કામદારની પહેલાં મૃત્યુ પામે તો, નિયુક્ત થયેલ વ્યકિતનું હિત કામદારને પાછું મળશે અને તેણે એવા હિતના સંબંધમાં ઠરાવેલા નમૂનામાં નવી નિયુક્તિ કરવી જોઈશે.

(૭) યથાપ્રસંગ, દરેક નિયુક્તિપત્ર, નવું નિયુક્તિપત્ર અથવા ફેરફાર કરતું નિયુક્તિપત્ર કામદારે પોતાના માલિકને મોકલવું જોઈશે અને તેણે તેને પોતાની સલામત કસ્ટડીમાં રાખવું જોઈશે.

ગ્રેચ્યુઈટીની રકમ નક્કી કરવા બાબત.

૭. (૧) આ અધિનિયમ હેઠળ ગ્રેચ્યુઈટીની ચુકવણી માટે પાત્ર હોય તે વ્યકિતએ અથવા તેના વતી કામ કરવા માટે લેખિત અધિકાર આપેલ કોઈપણ વ્યકિતએ, એવી ગ્રેચ્યુઈટીની ચુકવણી માટે ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવા નમૂનામાં માલિકને લેખિત અરજી મોકલવી જોઈશે.

(૨) ગ્રેચ્યુઈટી આપવાની થાય કે તરત પેટા-કલમ (૧) માં જણાવેલી અરજી થયેલ હોય કે ન હોય તો પણ માલિકે ગ્રેચ્યુઈટીની રકમ નકકી કરવી જોઈશે અને એવી રીતે નકકી કરેલ ગ્રેચ્યુઈટીની રકમ નિર્દિષ્ટ કરતી લેખિત નોટિસ જેને ગ્રેચ્યુઈટી ચૂકવવાની હોય તે વ્યકિતને તેમજ નિયંત્રક અધિકારીને આપવી જોઈશે.

(૩) માલિકે, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર, જેને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવાની થતી હોય તે વ્યકિતને, ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવાની વ્યવસ્થા કરવી જોઈશે.

(૪) (ક) આ અધિનિયમ હેઠળ કામદારને ચૂકવવાની થતી ગ્રેચ્યુઈટીની રકમ સંબંધી અથવા ગ્રેચ્યુઈટીની ચુકવણી માટેનો કામદારનો કે તેને લગતો કોઈ હક દાવો સ્વીકાર્ય હોવા સંબંધી અથવા ગ્રેચ્યુઈટી મેળવવા માટે હકદાર વ્યકિત સંબંધી કોઈ તકરાર હોય તો, તે કામદારને ગ્રેચ્યુઈટી તરીકે ચૂકવવાની થતી હોવાનું પોતે કબૂલ કરતો હોય તેટલી રકમ માલિકે નિયંત્રક અધિકારી પાસે અનામત મૂકવી જોઈશે.

(ખ) ખંડ (ક) માં નિર્દિષ્ટ કરેલ કોઈ બાબત કે બાબતો સંબંધી તકરાર હોય ત્યારે તકરાર ઉપસ્થિત કરનાર માલિક કે કામદાર અથવા અન્ય કોઈ વ્યકિત તકરારનો નિર્ણય કરવા માટે નિયંત્રક અધિકારીને અરજી કરી શકશે.

(૫) નિયંત્રક અધિકારી, યોગ્ય તપાસ કર્યા પછી અને તકરારના પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તકરારી બાબત કે બાબતોનો નિર્ણય કરશે અને એવી તપાસના પરિણામે કોઈ રકમ કામદારને ચૂકવવાની થતી હોવાનું જણાય, તો, નિયંત્રક અધિકારી, માલિકને, તેવી રકમ અથવા યથાપ્રસંગ માલિકે અનામત મૂકેલ રકમ સુધી ઘટાડેલી હોય તેટલી રકમ ચૂકવવા આદેશ આપશે.

(ઘ) માલિકે અનામત મૂકેલી રકમ ઉપરાંતની રકમ સહિતની અનામત મૂકાયેલ રકમ, નિયંત્રક અધિકારીએ તે માટે હકદાર વ્યકિતને ચૂકવવી જોઈશે.

(ચ) ખંડ (ક) હેઠળ અનામત મૂકાયા પછી, જેમ બને તેમ જલ્દી, નિયંત્રક અધિકારીએ નીચે જણાવેલ વ્યકિતઓને તે અનામત રકમ ચૂકવવી જોઈશે—

(૧) અરજદાર કામદાર હોય તો તેને, અથવા

(૨) અરજદાર કામદાર ન હોય તો, નિયંત્રક અધિકારીને એવી ખાતરી થાય કે ગ્રેચ્યુઈટીની રકમ મેળવવા માટેના અરજદારના હક સંબંધી કોઈ તકરાર નથી, તો યથાપ્રસંગ, કામદારે નિયુકત કરેલ વ્યકિતને અથવા એવી નિયુકત વ્યકિતના વાલીને અથવા કામદારના વારસને.

(૫) પેટા-કલમ (૪) હેઠળ તપાસ કરવાના હેતુ માટે નિયંત્રક અધિકારીને, નીચેની બાબતો સંબંધી "દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮" હેઠળ દાવાની ઈન્સાફી કાર્યવાહીકરતી વખતે ન્યાયાલય વાપરી શકતી હોય તે તમામ સત્તાઓ રહેશે:— સન ૧૯૦૮ નો પમો

(ક) કોઈપણ વ્યકિતને હાજર રહેવાની ફરજ પાડવા અથવા તેની સોગંદ ઉપર જુબાની લેવા બાબત;

(ખ) દસ્તાવેજો પ્રગટ કરવા અને રજૂ કરવાનું ફરમાવવા બાબત;

(ગ) સોગંદનામાથી પુરાવો લેવા બાબત;

(ઘ) સાક્ષીઓની જુબાની લેવા માટે કમિશનો કાઢવા બાબત.

(૬) આ કલમ હેઠળની કોઈપણ તપાસ ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ અને કલમ ૧૯૬ના હેતુ માટે ન્યાયિક કાર્યવાહી ગણાશે. સન ૧૮૬૦ નો ૪૫મે

(૭) પેટા-કલમ (૪) હેઠળના હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યકિત, હુકમ મળ્યાની તારીખથી સાઠ દિવસની અંદર, સમુચિત સરકારને અથવા આ અર્થે સમુચિત સરકાર નિર્દિષ્ટ કરે તે બીજા સત્તાધિકારીને અપીલ કરી શકશે :

પરંતુ, યથાપ્રસંગ, સમુચિત સરકાર કે અપીલ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે અરજદાર પૂરતાં કારણસર સદરહુ સાઠ દિવસની મુદતની અંદર અપીલ કરી શકયો ન હતો તો, તે સદરહુ મુદત, સાઠ દિવસની વધુ મુદત સુધી લંબાવી શકાશે:

વધુમાં, અપીલ દાખલ કરતી વખતે, અપીલ કરનારે પોતાની સમક્ષ પેટા-કલમ (૪) હેઠળ અનામત મૂકવી જોઈતી ગ્રેચ્યુઈટીની રકમ જેટલી રકમ અનામત મૂકી છે એવી મતલબનું નિયંત્રક અધિકારીનું પ્રમાણપત્ર અપીલ કરનાર રજૂ કરે અથવા અપીલ સત્તાધિકારી પાસે એવી રકમ અનામત મૂકે તે સિવાય, માલિકથી કોઈ અપીલ દાખલ કરી શકાશે નહિ.

(૮) યથાપ્રસંગ, સમુચિત સરકાર કે અપીલ સત્તાધિકારી, પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, નિયંત્રક અધિકારીના નિર્ણયને બહાલ રાખી શકશે, સુધારી શકશે અથવા તેને ફેરવી નાંખી શકશે.

ઈન્સ્પેકટરો. ૭ક. (૧) સમુચિત સરકાર, જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ માટે, પોતાને યોગ્ય લાગે તેટલા ઈન્સ્પેકટરો નીમી શકશે.

(૨) સમુચિત સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી, તેવી રીતે નિમાયેલા ઈન્સ્પેકટરનો અધિકાર જે વિસ્તારને લાગુ પડશે તે વિસ્તાર મુકરર કરી શકશે અને એકજ વિસ્તાર માટે બે કે તેથી વધુ ઈન્સ્પેકટરો નિમવામાં આવ્યા હોય, ત્યારે આ અધિનિયમ હેઠળ તેમણે બજાવવાનાં કાર્યોની વહેંચણી અથવા ફાળવણી માટે તેવો હુકમ કરીને જોગવાઈ પણ કરી શકશે.

(૩) દરેક ઈન્સ્પેકટર ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.

સન ૧૮૬૦ નો ૪૫મો

ઈન્સ્પેકટરની સત્તાઓ.

૭ખ. (૧) આ અર્થે સમુચિત સરકારે કરેલા કોઈ નિયમોને અધીન રહીને, ઈન્સ્પેકટર, આ અધિનિયમની કોઈ જોગવાઈ અથવા તે હેઠળ આપેલ કોઈ મુકિતની શરતો, હોય તો તેનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની ખાતરી કરવા માટે નીચેની તમામ કે કોઈપણ સત્તા વાપરી શકશે :—

(ક) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પૂરી પાડવા માલિકને ફરમાવી શકશે;

(ખ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ રાખવા અથવા પ્રદર્શિત કરવાનું ફરમાવ્યું હોય અથવા અન્યથા કોઈ વ્યકિતની નોકરી અથવા કામદારની ગ્રેચ્યુઈટીની ચુકવણીના સંબંધમાં રાખેલા કે પ્રદર્શિત કરેલા કોઈ રજિસ્ટર, રેકર્ડ અથવા નોટિસ કે અન્ય દસ્તાવેજની તપાસ કરવાના હેતુ માટે, પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે સરકાર અથવા સ્થાનિક કે કોઈ જાહેર સત્તામંડળની નોકરીમાં હોય તેવી વ્યકિતઓ (જો કોઈ હોય તો તે) ની મદદથી, જેને આ અધિનિયમ લાગુ પડતો હોય તે કોઈ કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની, દુકાન કે અન્ય સંસ્થાની જગા કે તેના સ્થળે તમામ વાજબી સમયે દાખલ થઈ શકશે અને તપાસણી કરી શકશે અને તપાસણી માટે તે રજૂ કરવા ફરમાવી શકશે;

(ગ) ઉપર્યુકત હેતુઓ પૈકી કોઈ હેતુને લગતી કોઈ બાબત સંબંધી માલિકની અથવા એવી જગા કે સ્થળે મળી આવે અને જેના માટે તેવી જગા કે સ્થળે કામે રાખેલો કામદાર હોવાનું માનવાને તેને વાજબી કારણ હોય તેવી વ્યકિતની તપાસ કરી શકશે;

(ઘ) પોતે સંગત ગણે તેવા કોઈ રજિસ્ટર, રેકર્ડ, નોટિસ અથવા અન્ય દસ્તાવેજની નકલો કરી શકશે અથવા તેમાંથી ઉતારા કરી શકશે અને માલિકે આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કર્યો હોવાનું માનવાને તેને વાજબી કારણ હોય ત્યારે પોતાને યોગ્ય લાગે તેવી સહાય લઈને, તે ગુનાના સંબંધમાં તેને સંગત લાગે તેવાં રજિસ્ટર, રેકર્ડ, નોટિસ અથવા અન્ય દસ્તાવેજની તલાશ કરી શકશે અને તેનો કબજે લઈ શકશે;

(ચ) ઠરાવવામાં આવે તેવી અન્ય સત્તા વાપરી શકશે.

સન ૧૮૬૦ નો ૪૫મો

(૨) પેટા-કલમ (૧) હેઠળ ઈન્સ્પેકટરે કોઈ રજિસ્ટર, રેકર્ડ, નોટિસ અથવા અન્ય દસ્તાવેજ રજૂ કરવા અથવા કોઈ માહિતી આપવા જેને ફરમાવ્યું હોય તેવી કોઈ વ્યકિત, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૭૫ અને ૧૭૬ના અર્થ મુજબ તેમ કરવા કાયદેસર બંધાયેલી છે એમ ગણાશે.

સન ૧૯૭૪ નો ૨ જો

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ, તે અધિનિયમની કલમ ૯૪ હેઠળ કાઢેલા વોરંટના અધિકારપત્ર હેઠળ કરેલી કોઈ ઝડતી અથવા કબજે લેવાને લાગુ પડે છે તેમ આ કલમ હેઠળની કોઈ ઝડતી અથવા કબજે લેવાની બાબતને શકય તેટલે સુધી લાગુ પડશે.

ગ્રેચ્યુઈટીની વસૂલાત.

૮. આ અધિનિયમ હેઠળ ચૂકવવાની થતી ગ્રેચ્યુઈટીની રકમ માલિક, ઠરાવેલા સમયની અંદર, તે માટે હકદાર વ્યકિતને ચૂકવી ન આપે તો, નિયંત્રક અધિકારીએ, નારાજ થનાર વ્યકિતએ આ અર્થે તેને કરેલી અરજી ઉપરથી, કલેકટરને તે રકમ પૂરતું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે અને ઠરાવેલી મુદત પૂરી થયાની તારીખથી, દર વર્ષે નવ ટકાના દરે તેના ઉપરના ચકવૃધ્ધિ વ્યાજ સહિતની રકમ કલેકટરે, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી જોઈશે અને તે માટે હકદાર વ્યકિતને તે ચૂકવવી જોઈશે.

શિક્ષા.

૯. (૧) આ અધિનિયમ હેઠળ પોતે કરવાની કોઈ ચુકવણી ટાળવાનાં અથવા એવી ચુકવણી અન્ય કોઈ વ્યકિત ટાળી શકે તે હેતુ માટે જે કોઈ જાણીજોઈને ખોટું નિવેદન કે ખોટી રજૂઆત કરે કે કરાવે તે છ મહિનાની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

(૨) જે માલિક આ અધિનિયમની અથવા તેની હેઠળ કરાયેલાં કોઈપણ નિયમની કે હુકમની જોગવાઈનું ઉલ્લંઘન કરે અથવા તેનું પાલન ન કરે તે માલિક, એક વર્ષની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે:

પરંતુ ગુનો આ અધિનિયમ હેઠળ ચૂકવવાની થતી કોઈ ગ્રેચ્યુઈટી ન ચૂકવ્યા બાબતનો હોય ત્યારે, ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતા ન્યાયાલયનો લિખિત કારણસર એવો અભિપ્રાય થાય કે ત્રણ મહિના કરતાં ઓછી મુદતની કેદની અથવા દંડની શિક્ષાથી ન્યાયનો હેતુ સરશે તે સિવાય, માલિક ત્રણ મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની કેદની શિક્ષાને પાત્ર થશે.

માલિકને કેટલાક કેસોમાં જવાબદારીમાંથી મુકત કરવા બાબત.

૧૦. માલિક ઉપર આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મૂકવામાં આવ્યું હોય ત્યારે, તેણે કરેલી યોગ્ય ફરિયાદ ઉપરથી અને ફરિયાદીને તેમ કરવાના પોતાના ઈરાદાની ઓછામાં ઓછા પૂરા ત્રણ દિવસની લિખિત નોટિસ આપ્યા પછી માલિક, તહોમતની સુનાવણી માટે નક્કી થયેલી તારીખે, ન્યાયાલય સમક્ષ ખરેખર ગુનેગાર હોવાનો જેના ઉપર પોતે આરોપ મૂકે તે અન્ય વ્યકિતને હાજર કરાવવાને હકદાર રહેશે અને ગુનો

થયેલ હોવાનું સાબિત થયા પછી, માલિક, ન્યાયાલયને ખાતરી થાય તે રીતે નીચે પ્રમાણે સાબિત કરે તો તે અન્ય વ્યકિત, માલિક હોય તે પ્રમાણે તે ગુના માટે તેને દોષિત ઠરાવવામાં આવશે અને તે પ્રમાણે તે શિક્ષાને પાત્ર થશે અને તેવા ગુના માટે માલિકને પોતાને આ અધિનિયમ હેઠળની કોઈપણ જવાબદારીમાંથી મુકત કરવામાં આવશે:—

(ક) આ અધિનિયમની અમલ બજવણી માટે માલિકે ઘટતી કાળજી લીધેલી છે; અને

(ખ) પ્રસ્તુત ગુનો તે અન્ય વ્યકિતએ માલિકની જાણ, સંમતિ કે મૂક-સંમતિ વિના કરેલો છે ;

પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે સાબિત કરવા માગે ત્યારે માલિકની સોગંદ ઉપર જુબાની લઈ શકાશે અને તેના પુરાવા સંબંધમાં તેમજ તેના સમર્થનમાં જે સાક્ષીઓને તેણે તપાસાવ્યા હોય તે સાક્ષીઓના પુરાવા સંબંધમાં ખરેખર ગુનેગાર હોવાનો જેના ઉપર તેણે આરોપ મૂકેલ હોય તે વ્યકિત વતી અને ફરિયાદ પક્ષ દ્વારા ઉલટ તપાસ કરી શકશે :

વધુમાં, ખરેખર ગુનેગાર હોવાનો માલિકે જેના ઉપર આરોપ મૂકેલ હોય તે વ્યકિતને તહોમતની સુનાવણી માટે નક્કી થયેલા સમયે ન્યાયાલય સમક્ષ હાજર કરી શકાય નહિ તો, ન્યાયાલયે ત્રણ મહિનાથી વધુ ન હોય તેટલી મુદત સુધી, વખતોવખત સુનાવણી મુલતવી રાખવી જોઈશે અને સદરહુ મુદતને અંતે પણ ખરેખર ગુનેગાર તરીકે જેના ઉપર આરોપ મૂકાયેલ હોય તે વ્યકિતને ન્યાયાલય સમક્ષ હાજર ન કરી શકાય તો, ન્યાયાલયે માલિક સામેના તહોમતની સુનાવણી આગળ ચલાવવી જોઈશે અને ગુનો સાબિત થાય તો, માલિકને દોષિત ઠરાવવો જોઈશે.

ગુના વિચારણામાં લેવા બાબત.

૧૧. (૧) સમુચિત સરકારે અથવા તેણે આપેલ અધિકાર હેઠળ કરેલ ફરિયાદ ઉપરથી હોય તે સિવાય, કોઈ પણ ન્યાયાલયથી આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર ગુનાની વિચારણા કરી શકાશે નહિ :

પરંતુ ઠરાવેલી મુદત પૂરી થયાના છ મહિનાની અંદર ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવામાં કે વસૂલ કરવામાં આવેલ ન હોય ત્યારે, સમુચિત સરકારે, માલિક સામે ફરિયાદ કરવા માટે નિયંત્રક અધિકારીને અધિકાર આપવો જોઈએ અને તેમ થાય એટલે નિયંત્રક અધિકારીએ એવો અધિકાર અપાયાની તારીખથી પંદર દિવસની અંદર, તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને એવી ફરિયાદ કરવી જોઈશે.

(૨) પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટના અથવા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટના ન્યાયાલયથી ઊતરતા દરજ્જાના કોઈપણ ન્યાયાલયથી આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ.

શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.

૧૨. આ અધિનિયમ અથવા તે હેઠળ કરાયેલ કોઈ નિયમ કે હુકમ અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં નિયંત્રક અધિકારી કે અન્ય કોઈ વ્યકિત સામે કોઈપણ દાવો કે બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

ગ્રેચ્યુઈટી અંગે રક્ષણ.

૧૩. આ અધિનિયમ હેઠળ ચૂકવવાની થતી અને કલમ ૫ હેઠળ મુકિત આપેલ કોઈ સંસ્થા, કારખાના, ખાણ, તેલક્ષેત્ર, પ્લાન્ટેશન, બંદર, રેલવે કંપની અથવા દુકાનમાં નોકરીએ રાખેલા કોઈ કામદારને ચૂકવવાની થતી ગ્રેચ્યુઈટી કોઈપણ દીવાની, મહેસૂલી કે ફોજદારી ન્યાયાલયના કોઈપણ હુકમનામાની કે હુકમની અમલ બજવણીમાં જપ્તીને પાત્ર થશે નહિ.

બીજા અધિનિયમો વગેરે ઉપર આ અધિનિયમની સર્વોપરિતા.

૧૪. આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલા કોઈ નિયમની જોગવાઈઓ, આ અધિનિયમ સિવાયના કોઈપણ અધિનિયમમાં અથવા આ અધિનિયમ સિવાયના કોઈ અધિનિયમની રૂએ અસર કર્તા કોઈપણ લેખ કે કરારમાં તે જોગવાઈઓની સાથે અસંગત ગમે તે મજકૂર હોય તે છતાં, અસરકર્તા થશે.

નિયમો કરવાની સત્તા.

૧૫. (૧) સમુચિત સરકાર, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવાના હેતુ માટે, જાહેરનામાથી નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે કરેલો દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, સંસદની બેઠક ચાલુ હોય ત્યારે, સંસદના દરેક ગૃહ સમક્ષ એકજ સત્રમાં અથવા લાગલાગટ બે કે તેથી વધુ સત્રમાં મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવો જોઈશે અને ઉપર જણાવેલ સત્ર કે લાગલાગટ સત્રોની તરત પછી આવતું સત્ર પૂરું થતાં પહેલાં બંને ગૃહો તે નિયમમાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઈએ નહિ, તો તે નિયમ, ત્યારપછી, યથાપ્રસંગ, ફેરફાર કરેલા સ્વરૂપમાંજ અમલમાં રહેશે અથવા રહેશે જ નહિ પણ તે એવી રીતે કે એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરાયેલા કોઈપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

એસ. રામૈયા,
સચિવ, ભારત સરકાર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.